# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 12-09-2024** **Morning : 7.10 to 7.20**

**Day: Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર કરણ મકવાણા વાંચે છે.

---

- કેન્દ્રીય મંત્રી મંડળે આયુષ્યમાન ભારત પીએમ જન આરોગ્ય યોજના હેઠળ 70 વર્ષથી વધુની વયના તમામ વરિષ્ઠ નાગરિકોને આરોગ્ય વીમો પૂરો પાડવાની મંજૂરી આપી.
- કચ્છમાં અબડાસા અને લખપતના ગામડાંઓમાં શંકાસ્પદ તાવને કારણે થયેલા મોત બાદ આરોગ્ય વિભાગ દ્વારા તકેદારીના પગલાં. - આરોગ્ય મંત્રીએ લોકોને સાવચેત રહેવા અપીલ કરી.
- બનાસકાંઠામાં ગેરકાયદે ખનન કરનારા સામે તંત્રની લાલ આંખ. ગેરકાયદે ખનન કરનારા 100થી વધુ  ડમ્પરો અને ટ્રેલર જપ્ત.
- ગીર અભ્યારણ્યના સંચાલન માટે કામધેનુ યુનિવર્સિટી અને ગુજરાત પશુધન વિકાસ બોર્ડ વચ્ચે કરાર કરાયાં.
- પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજીમાં ભાદરવી પૂનમનો મહામેળો આજથી શરૂ થશે.- એસ.ટી. વિભાગ દ્વારા વિશેષ વ્યવસ્થા કરાઈ.

---

# AB PM-JAY

કેન્દ્રીય મંત્રીમંડળે આયુષ્યમાન ભારત પીએમ જન આરોગ્ય યોજના હેઠળ 70 વર્ષથી વધુ વયનાં તમામ વરિષ્ઠ નાગરિકોને આરોગ્ય વીમો પૂરો પાડવાની મંજુરી આપી છે. આ માટે ત્રણ હજાર 437 કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. ગઇ કાલે સાંજે કેબિનેટની બેઠક બાદ પત્રકારોને માહિતી આપતા કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે, વરિષ્ઠ નાગરિકોને પાંચ લાખ રૂપિયા સુધીની સારવાર નિઃશુલ્ક પૂરી પાડવામાં આવશે. આ સુવિધાનો લાભ દેશનાં સાડા ચાર કરોડ પરિવારો અને છ કરોડ વરિષ્ઠ નાગરિકોને મળશે.

આયુષ્યમાન ભારત પીએમ જન આરોગ્ય યોજના હેઠળ આવરી લેવાયેલા 70 વર્ષથી ઉપરના નાગરિકોને વધારાનાં પાંચ લાખ રૂપિયાનું આરોગ્ય વીમા કવચ મળશે.

આયુષ્યમાન ભારત પીએમ જન આરોગ્ય યોજના વિશ્વની સૌથી મોટી આરોગ્ય વીમા યોજના છે, જેમાં પરિવારને દર વર્ષે પાંચ લાખ રૂપિયાનો વીમો મળે છે. 12 કરોડ 34 લાખ પરિવારો અને 55 કરોડ લોકોને નિઃશુલ્ક મેડિકલ સારવારનો લાભ મળી રહ્યો છે.

---

# KUTCH RUSHIKESH PATEL

કચ્છના અબડાસા અને લખપતમાં શંકાસ્પદ તાવના કારણે 11 લોકોના મોતની પુષ્ટી રાજ્ય સરકારે કરી છે.

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે કચ્છની મુલાકાત દરમિયાન પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું કે, કુલ 16 મોતમાંથી 11 જેટલા મોત શંકાસ્પદ તાવના કારણે થયા છે.  જ્યારે અન્ય પાંચના મૃત્યુ અન્ય બીમારીઓને કારણે થયા છે. દરમિયાન તેમણે લોકોને સાવચેત રહેવા અપીલ કરી હતી.

**(બાઈટ – ઋષિકેશ પટેલ, આરોગ્યમંત્રી)**

બંને તાલુકામાં શંકાસ્પદ તાવની પરિસ્થિતિને લઈને આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ અને પ્રભારી મંત્રી પ્રફૂલ પાનશેરિયાએ લખપત તાલુકાના બેખડા ગામની મુલાકાત પણ લીધી હતી.

---------------------------------------------------------------------

# BANAKANTHA KHANAN

બનાસકાંઠા જિલ્લામાં ગેરકાયદેસર રીતે ખનીજ રેતી ખનન કરતાં તત્વો સામે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. તંત્ર દ્વારા બિનઅધિકૃત ખનીજ પ્રવૃતિને અટકાવવા સ્પેશ્યલ ડ્રાઈવ હાથ

ધરાઈ હતી. જે અંતર્ગત બનાસ નદીમાં ગેરકાયદેસર રીતે રેતી વહન કરતાં ૧૦૦ થી વધુ ડમ્પર અને ટ્રેલરોને ઝડપી મોટી ખનીજ ચોરી અટકાવી છે.

કાંકરેજ તાલુકાના અરણીવાડા ગામે બનાસકાંઠા ભૂસ્તર વિભાગની ટીમ સાથે મહેસાણા, પાટણ, અમદાવાદ જિલ્લાની તપાસ ટીમો તેમજ ગાંધીનગર ફ્લાઈંગ સ્કવોર્ડ દ્વારા દરોડા પાડવામાં આવ્યા હતા.

તપાસ ટીમોએ તમામ વાહનોનું ચેકીંગ કરતાં મોટાભાગના વાહનો રોયલ્ટી વગર જણાયા હતા. જેથી ભૂસ્તર વિભાગની ટીમોએ તપાસ કરી હાલ ૧૦૦ જેટલા ડમ્પર અને ટ્રેલરોને સ્થળ પર સીઝ કર્યા છે. જ્યારે ડીસા તાલુકાના મહાદેવયાની બનાસ નદી પટમાં બિનઅધિકૃત રીતે રેતી ખનન, વહન કરતાં 1 ડમ્પર, એક હિટાચી મશીન તેમજ લોડર મશીન સીઝ કરવામાં આવ્યુ છે.

---

# Gir gay abhyarny

રાજ્યના ગીર ગાય અભયારણ્યના સંચાલન માટે કામધેનુ યુનિવર્સિટી અને ગુજરાત પશુધન વિકાસ બોર્ડ દ્વારા  કરાર કરવામાં આવ્યા છે. આ કરાર પશુપાલન મંત્રી રાઘવજી પટેલની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે મંત્રીએ જણાવ્યું કે, કામધેનુ યુનિવર્સિટી દ્વારા અભયારણ્યમાં આધુનિક તકનિકનો ઉપયોગ કરીને  ગીર ઓલાદ સુધારણાની કામગીરી હાથ ધરવામાં આવશે.

આનાથી પશુપેદાશોનું મુલ્યવર્ધન કરી વિવિધ ઉત્પાદનોનું વેચાણ કરવાથી પશુપાલકોની આવક વધશે. જેનો લાભ જુનાગઢ, અમરેલી, પોરબંદર, રાજકોટ સહિતના જિલ્લાઓના પશુપાલકોને મળશે.

----------------------------------------------------------------

# MID BREAK- NEWS-REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટ્વીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..**

----------------------------------------------------------------

# BHADARVI POONAM MELO

**યાત્રાધામ અંબાજીમાં આજથી ભાદરવી પૂનમના મહામેળાનો પ્રારંભ થશે. 18મી સપ્ટેમ્બર સુધી યોજાનારા આ મેળા માટે ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ, શ્રી આરાસુરી અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ અને બનાસકાંઠા જિલ્લા વહીવટીતંત્ર યાત્રાળુઓની સુવિધા માટે તૈયારીઓને આખરી ઓપ અપાઇ રહ્યો છે.**

**આ મેળામાં અંદાજે 30 લાખથી વધુ યાત્રાળુઓ ભાગ લે તેવી શક્યતા છે. યાત્રાળુઓ માટે એક QR કોંડ પણ તૈયાર કરાયો છે, જેને સ્કેન કરવાથી સુવિધા અંગેની તમામ માહિતી સ્થળ સાથે મળી રહેશે.**

ઉપરાંત પગપાળા યાત્રાળુઓ માટે આ વર્ષે વિવિધ ચાર સ્થળોએ વૉટરપ્રૂફ ડૉમ બનાવવામાં આવ્યા છે. ભાદરવી પૂનમના મેળા દરમિયાન અંબાજી મંદિરની આરતી તથા દર્શનના સમયમાં ફેરફાર કરાયો છે. મંદિરમાં સવારે 6થી સાડા 6 વાગ્યા સુધી આરતી થશે. જ્યારે સવારે સાડા 6 વાગ્યાથી સાડા 11 વાગ્યા સુધી ભક્તો દર્શન કરી શકશે. ત્યારબાદ બપોરે 12 વાગ્યે માતાજીને રાજભોગ અર્પણ કરાશે. બપોરે સાડા 12 વાગ્યાથી સાંજના 5 વાગ્યા સુધી દર્શન, સાંજે 7થી સાડા 7 વાગ્યા સુધી આરતી, સાડા સાતથી રાત્રે 12 વાગ્યા સુધી દર્શન થઈ શકશે. આગામી 19 સપ્ટેમ્બરથી મંદિરમાં આરતી અને દર્શનનો સમય રાબેતા મુજબ રહેવાનું શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટે યાદીમાં જણાવ્યું છે. ભક્તો માટે મોહનથાળનો પ્રસાદ બનાવવાની કામગીરી મોટાપાયે હાથ ધરવામાં આવી છે. ભાદરવી પૂનમના મેળા દરમિયાન 1 હજાર ઘાણ એટલે કે ૩ લાખ ૨૫ હજાર કિલો મોહનથાળ પ્રસાદ બનાવવાનું આયોજન મંદિર ટ્રસ્ટ દ્વારા કરાયું છે. 1 ઘાણમાં ૧૦૦ કિલો બેસન, ૧૫૦ કિલો ખાંડ ૭૫ કિલો ઘી, ૨૦૦ ગ્રામ ઈલાયચી વપરાય છે. આ માટે ઘાણ બનાવવામાં ૧૦૦ જેટલા કારીગરો, પેકિંગ માટે ૨૦૦થી ૩૦૦ કારીગરો સહિત અન્ય કામ માટે ૧૦૦થી ૧૫૦ માણસો સેવાઓ આપી રહ્યા છે.

---

# AMBAJI EXTRA ST BUS

યાત્રાધામ અંબાજીમાં ભાદરવી પૂનમના મેળામાં આવતા યાત્રાળુઓને પોતાના વતન પરત જવા એસ.ટી. વિભાગે વિશેષ સુવિધા કરી છે.

દાંતા તરફ જવા માટે પણ દાંતા રોડ ઉપર હંગામી બસમથક શરૂ કરાયું છે. જ્યારે ખેડબ્રહ્મા, અમદાવાદ જવા GMDC વિસ્તારમાં બસો ઊભી રહેશે. ઉપરાંત રાજસ્થાનના આબુરોડ, પાલનપુર, ડીસા જવા માટે ગબ્બર સર્કલ ઉપર બસોની વ્યવસ્થા કરવામાં આવી છે. આ અંગે અંબાજીના ડેપો મેનેજર રઘુવીરસિંહ ચૌહાણે માહિતી આપી હતી.

**(બાઈટ - રઘુવીરસિંહ ચૌહાણ ડેપો મેનેજર, અંબાજી)**

---------------------------------------------------------------------

# Patan ganesh visrjan - death

પાટણની  સરસ્વતી નદીમાં ગઇકાલે  ગણેશ વિસર્જન વખતે સર્જાયેલી દુર્ઘટનામાં એક જ પરિવારના ચાર વ્યક્તિઓના ડૂબી જવાથી મૃત્યુ નીપજ્યા છે. અમારા પાટણ જિલ્લાના પ્રતિનિધિ રમેશ સોલંકી જણાવે છે કે, ગણેશજીની  મૂર્તિનું  વિસર્જન કરતી વખતે સરસ્વતી નદીમાં સાત લોકો ડૂબી ગયા હતા.

શરૂઆતમાં એક યુવકનો મૃતદેહ મળ્યો હતો , જયારે અન્ય ત્રણને બચાવી લેવામાં આવ્યા હતા. જેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા હતા, બીજા 3 લોકો પાણીમાં ગરકાવ હોવાથી શોધખોળને અંતે પાણીમાં ડૂબેલા અન્ય ત્રણ વ્યક્તિઓના મૃતદેહ પણ બહાર કાઢવામાં આવ્યા છે.

---------------------------------------------------------------------

# PALANPUR BRIDGE INNAUGURATION

બનાસકાંઠાના પાલનપુરમાં આજે 17 મીટર ઊંચાઈ પર રોટરીવાળા દેશના પ્રથમ બ્રિજનું લોકાર્પણ થશે. ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરી 89 કરોડ 10 લાખ રૂપિયાના ખર્ચે તૈયાર થયેલા આ બ્રિજનું ઉદ્ઘાટન કરશે. આબુરોડથી અંબાજી તરફ અને પાલનપુરથી અંબાજી તરફ જતા વાહનો આ પુલ પરથી જઇ શકશે, જેના કારણે લોકોને ટ્રાફિક સમસ્યામાંથી પણ છૂટકારો મળશે.

માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય ભારત સરકારના સહયોગથી બનાસકાંઠાના પાલનપુર શહેર ખાતે રાષ્ટ્રીય ધોરીમાર્ગ 58 અને રાષ્ટ્રીય ધોરીમાર્ગ 27 પર આ નવનિર્મિત "રેલવે ઓવરબ્રિજ" નિર્માણ કરાયો છે. ઉલ્લેખનીય છે કે, 17 મીટર ઊંચાઈ પર રોટરીવાળો આ દેશનો પ્રથમ અને આ પ્રકારનો ત્રીજો બ્રિજ હશે.

---

# STATE RAIN

અમરેલી જિલ્લામા ગઇરાત્રે અમરેલી શહેરમા એક ઇંચ વરસાદ પડયો હતો. ઉપરાંત વડીયા અને રાજુલામા એક તથા સાવરકુંડલામા પોણો ઇંચ વરસાદ થયો છે. ગઇ સાંજ સુધી વાતાવરણ વાદળછાયુ રહ્યાં બાદ રાત્રીના સમયે ધોધમાર વરસાદ વરસ્યો હતો. આજે સવારે પૂરા થતાં 24 કલાક દરમિયાન રાજ્યના 92 તાલુકાઓમાં મધ્યમથી હળવો વરસાદ વરસ્યો હતો. જેમાં સૌથી વધુ બનાસકાંઠાના ધાનેરામાં સવા ત્રણ ઇંચ વરસાદ વરસ્યો હતો.

જ્યારે ગઇરાતથી વહેલી સવાર સુધીમાં પણ અમરેલીના વિવિધ વિસ્તારોમાં વરસાદના અહેવાલ મળ્યાં છે. જેમાં અમરેલીમાં ગઇરાત્રે 1 ઇંચ વરસાદ પડયો હતો. ઉપરાંત વડીયા અને રાજુલામા 1 તથા સાવરકુંડલામા પોણો ઇંચ વરસાદ થયો છે. જ્યારે રાજુલામા પણ 1 ઇંચ વરસાદ પડયો હતો. જયારે વડીયામા 1 ઇંચ ,ખાંભા પંથકમા અડધો ઇંચ વરસાદ થયો હતો.

જ્યારે હવામાન વિભાગે આજે દક્ષિણ ગુજરાત અને છોટાઉદેપુરમાં અતિભારે વરસાદની યલો એલર્ટ જાહેર કર્યું છે. જ્યારે ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, અરવલ્લી તેમજ મધ્યગુજરાતના પંચમહાલ અને દાહોદમાં મધ્યમ વરસાદની આગાહી કરી છે.

---